नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૧૯

# નિરયાવલિકા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૯

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૯) નિરયાવલિકા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |

# આગમસૂત્ર- ૧૯ ‘નિરયાવલિકા’

## ઉપાંગસૂત્ર–૮ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યયન-૧ કાલ | ૦૬ | ૨ | અધ્યયન-૧ સુકાલ | ૧૬ |
| ૩ | અધ્યયન ૩ થી ૧૦ | ૧૬ | --- | ------------ | --- |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ) | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं**) | 04 |
| | -3- **आगममञ्जूषा मूल प्रत**) | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- Aagam Sootra English Trans. | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति** -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति** -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु**) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

1-આગમ સાહિત્ય કુલ પુસ્તક) 518

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક) 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૧૯] નિરયાવલિકા
## ઉપાંગસૂત્ર–૮– ગુજરાતી ભાવાનુવાદ

## અધ્યયન-૧ ''કાલી''

**સૂત્ર- ૧**

તે કાળે, તે સમયે રાજગૃહ નામે એક ઋદ્ધિમંત નગર હતું. તે રાજગૃહનગર ની બહાર ઈશાનખૂણામાં ગુણશીલ નામે ચૈત્ય હતું. ત્યાં અશોક નામે વૃક્ષ હતું અને પૃથ્વીશિલાપટ્ટક હતો. **નગર, ચૈત્ય, વૃક્ષ અને પૃથ્વીશિલાપટ્ટકનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર કરવું)**

**સૂત્ર- ૨**

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય આર્ય સુધર્મા નામે અણગાર જાતિસંપન્ન, કુળસંપન્ન, આદિ ગુણ યુક્ત અને કેશી ગણધર સમાન હતા. ૫૦૦ અણગારો સાથે પરિવરેલા, પૂર્વાનુપૂર્વીથી વિચરતા, જ્યાં રાજગૃહનગર હતું ત્યાં યાવત્ યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરી સંયમ વડે યાવત્ વિચરતા હતા.

પર્ષદા નીકળી, ધર્મ કહ્યો, પર્ષદા પાછી ફરી.

**સૂત્ર- ૩**

તે કાળે તે સમયે આર્ય સુધર્મા અણગારના શિષ્ય જંબૂ નામે અણગાર, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત યાવત્ સંક્ષિપ્ત–વિપુલ તેજો લેશ્યાવાળા, સુધર્મા અણગારની કંઈક સમીપ, ઉર્ધ્વજાનૂ થઈ યાવત્ વિચરતા હતા.

**સૂત્ર- ૪**

ત્યારે તે જંબૂસ્વામી જાતશ્રદ્ધ થઈ યાવત્ પર્યુપાસના કરતા આમ કહે છે કે - ભગવન્ ! શ્રમણ યાવત્ સંપ્રાપ્તે ઉપાંગોનો શો અર્થ કહેલો છે ?

નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવંતે યાવત્ એ પ્રમાણે ઉપાંગોના પાંચ વર્ગો કહ્યા છે, તે આ પ્રમાણે - નિરયાવલિકા, કલ્પવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા અને વૃષ્ણિદશા.

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે ઉપાંગના પાંચ વર્ગો કહેલા છે, તો ભગવન્ ! પહેલાં વર્ગરૂપ ઉપાંગ – નિરયાવલિકાના શ્રમણ ભગવંત મહાવીરે કેટલાં અધ્યયનો કહ્યા છે ?

નિશ્ચે હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે ઉપાંગોના પ્રથમ વર્ગ નિરયાવલિકાના દશ અધ્યયનો કહેલાં છે - કાલ, સુકાલ, મહાકાલ, કૃષ્ણ, સુકૃષ્ણ, મહાકૃષ્ણ, વીરકૃષ્ણ, રામકૃષ્ણ, પિતૃસેનકૃષ્ણ અને મહાસેનકૃષ્ણ.

**સૂત્ર- ૫**

ભગવન્ ! જો શ્રમણ યાવત્ મોક્ષ સંપ્રાપ્ત ભગવંત મહાવીરે ઉપાંગના પ્રથમ વર્ગ નિરયાવલિકાના દશ અધ્યયનો કહ્યા, તો પહેલાં અધ્યયનનો શો અર્થ ભગવંતે કહેલ છે ?

નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં ભરત ક્ષેત્રમાં ચંપા નામે ઋદ્ધિવાળી નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલ્લણા દેવીનો આત્મજ કોણિક નામે રાજા હતો.

તે કોણિક રાજાને પદ્માવતી નામે રાણી હતી. તેણી સુકુમાલ ઈત્યાદિ ગુણયુક્ત યાવત્ ભોગ ભોગવતી વિચરતી હતી. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની લઘુમાતા કાલી નામે રાણી પણ હતી. તે પણ સુકુમાલ યાવત્ સુરૂપા હતી.

સૂત્ર- ૬

તે કાલીદેવીનો પુત્ર કાલ નામે કુમાર હતો. તે સુકુમાલ યાવત્ સુરૂપ હતો. તે કાલકુમાર અન્ય કોઈ દિવસે ૩૦૦૦ હાથી, ૩૦૦૦ રથ, ૩૦૦૦ અશ્વ, ત્રણ કરોડ મનુષ્યો વડે ગરુડ વ્યૂહ રચીને, પોતાના અગિયારમા ભાગના સૈન્ય વડે કોણિક રાજા સાથે રથમૂસલ સંગ્રામમાં ઊતર્યો.

સૂત્ર- ૭

ત્યારપછી તે કાલીદેવીને અન્ય કોઈ દિવસે કુટુંબ જાગરિકા કરતા આવો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. નિશ્ચે મારો પુત્ર કાલકુમાર ૩૦૦૦ હાથી આદિ સાથે યુદ્ધે ચડેલ છે. તો શું તે જીતશે કે નહીં જીતે ? જીવશે કે નહીં જીવે ? બીજાનો પરાભવ કરશે કે નહીં કરે ? કાલકુમારને હું જીવતો જોઈશ ? એ રીતે અપહત મનવાળા થઈને યાવત્ ચિંતામગ્ન બની.

તે કાળે, તે સમયે ભગવન્ મહાવીર સમોસર્યા. પર્ષદા નીકળી. ત્યારે કાલીદેવી આ વૃત્તાંત સાંભળીને, તેના મનમાં આવો સંકલ્પ યાવત્ થયો – નિશ્ચે ભગવન્ મહાવીર પૂર્વાનુપૂર્વીથી અહીં આવીને રહ્યા છે, તથારૂપનું સ્મરણ પણ મહાફળને માટે છે યાવત્ વિપુલ અર્થનું ગ્રહણ તો મહાફલ માટે થાય જ. તો હું ત્યાં જઉં અને યાવત્ ભગવંતની પર્યુપાસના કરું. પછે ભગવંતને આ પ્રશ્ન પૂછીશ.

એમ વિચારીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આમ કહ્યું - હે દેવાનુપ્રિયો ! જલદીથી ધાર્મિક યાનપ્રવર જોડીને લાવો. લાવીને યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો. પછી તે કાલીદેવી ન્હાઈ, બલિકર્મ કરી યાવત્ અલ્પ પણ મહાર્ધ આભરણથી અલંકૃત શરીરી થઈ ઘણી કુબ્જા દાસી સાથે યાવત્ મહત્તરાના વૃંદથી પરીવરીને અંતઃપુરથી નીકળી. નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળામાં ધાર્મિક શ્રેષ્ઠ યાન પાસે આવીને તેમાં બેઠી.

ત્યારપછી પોતાના પરિવાર સાથે પરીવરીને ચંપા નગરીની વચ્ચોવચ્ચથી નીકળીને પૂર્ણભદ્ર ચૈત્યે આવી, આવીને છત્રાદિ દૂર કરી, યાનને રોક્યું. રોકીને તે ધાર્મિક શ્રેષ્ઠ યાનથી ઊતરી, પછી ઘણી કુબ્જા દાસી આદિથી પરીવરીને શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવી, ભગવંતને ત્રણ વખત વંદન કરી, પોતાના પરીવાર સાથે શ્રવણેચ્છાથી અભિમુખ નમન કરી, વિનયથી અંજલી જોડીને પર્યુપાસના કરે છે.

ત્યારપછી ભગવંત મહાવીરે યાવત્ કાલીદેવીને તથા તે મહા મોટી પર્ષદાને ધર્મકથન કર્યું યાવત્ **શ્રાવક કે શ્રાવિકા આજ્ઞામાં વિચરતા આરાધક થાય છે.**

ત્યારપછી તે કાલીરાણીએ ભગવંતની પાસે ધર્મ સાંભળી, અવધારી યાવત્ હર્ષિત થઈ ભગવંતને ત્રણ વખત વંદના કરી યાવત્ પૂછ્યું -

ભગવન્ ! મારો પુત્ર કાલકુમાર યાવત્ રથમૂસલ સંગ્રામમાં ગયો છે, તો તે જીતશે કે નહીં જીતે ઇત્યાદિ. ભગવંતે કાલી રાણીને કહ્યું - હે કાલી ! તારો પુત્ર કાલકુમાર ૩૦૦૦ હાથી આદિ સહીત કોણિક રાજા સાથે યુદ્ધે ચડેલ છે, તે રથમુશળ સંગ્રામમાં યુદ્ધ કરતો, વીર યોદ્ધાઓને મારતો, મર્દિત કરતો, ઘાત પહોચાડતો યાવત શત્રુઓના ચિહ્ન–ધ્વજ–પતાકા પછાડતો, દિશા ન સૂઝતા ચેટક રાજાની સન્મુખ આવ્યો.

તેના રથની સન્મુખ રથ કર્યો, ત્યારે ચેટક રાજાએ કાલકુમારને આવતો જોયો. જોઈને ક્રોધથી યાવત્ ધમધમતા ધનુષ લીધું, તીર લીધું. વૈશાખી સ્થાને ઊભા રહ્યા, કાન સુધી તીરને ખેંચ્યું, ખેંચીને કાલકુમારને એક જ બાણ વડે હણી નાંખ્યો. હે કાલી ! તે મૃત્યુ પામ્યો, તારા કાલકુમારને હવે તું જીવતો જોઈશ નહીં.

ત્યારે કાલીદેવી ભગવંત પાસે આ કથન સાંભળી, અવધારી, પુત્રના મહાશોકથી વ્યાપ્ત થઈ કુહાડાથી કાપેલ ચંપકલતાની જેમ ધસ થઈને પૃથ્વીતલને વિશે સર્વાંગથી પડી. પછી મુહૂર્ત બાદ કાલીદેવી આશ્વસ્ત થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કર્યા. કરીને કહ્યું - ભગવન્! તે એમ જ છે, તેમજ છે. ભગવન્ ! તે

અવિતથ છે, અસંદિગ્ધ છે. જે આપે કહ્યો તે અર્થ સત્ય છે. એમ કહી શ્રમણ ભગવંતને વાંદી–નમી, તે જ ધાર્મિક શ્રેષ્ઠ યાનમાં બેસી પાછી ગઈ.

સૂત્ર- ૮ થી ૧૦

૮) ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામીએ યાવત્ વાંદીને પૂછ્યું - ભગવન્ ! કાલકુમાર યાવત્ રથમૂસલ સંગ્રામમાં લડતા ચેટક રાજા વડે કૂટ પ્રહારવત્ એક પ્રહારથી હણીને મારી નંખાતા, તે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ?

ગૌતમ! એમ કહી ભગવંત મહાવીરે એમ કહ્યું - ગૌતમ ! નિશ્ચે કાલકુમાર યાવત્ ચેટક રાજા વડે કૂટ પ્રહારવત્ એક પ્રહારથી હણીને મારી નંખાતા મરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં હેમાભ નામે નરકમાં ૧૦ સાગરોપમ સ્થિતિક નરકાવાસે નૈરયિકપણે ઉત્પન્ન થયો.

૯) ભગવન્! કાલકુમાર કેવા આરંભ – કેવા સમારંભ – કેવા આરંભ–સમારંભથી, કેવા ભોગ – કેવા સંભોગ – કેવા ભોગ–સંભોગથી, અશુભકૃત્ કર્મના ભારથી કાળમાસે કાળ કરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજ્યો ?

નિશ્ચે હે ગૌતમ ! તે કાળે, તે સમયે રાજગૃહ નામે ઋદ્ધ–સ્તિમિત–સમૃદ્ધ નગર હતું. ત્યાં શ્રેણિક નામે મહાન રાજા હતો. તેને નંદા નામે રાણી હતી. જે સુકુમાલ હતી, સુરુપા હતી યાવત્ ભોગ ભોગવતી વિચરતી હતી. તે શ્રેણિક રાજા અને નંદા રાણીનો આત્મજ એવો અભય નામે સુકુમાલ યાવત્ સુરૂપ કુમાર હતો. જે શામ, દામ, દંડ અને ભેદમાં ચિત્રની જેમ યાવત્ રાજ્યધૂરાનો ચિંતક હતો.

તે શ્રેણિક રાજાને બીજી ચેલ્લણા નામે સુકુમાલ યાવત્ સુરુપા રાણી પણ હતી.

૧૦) તે ચેલ્લણા દેવીને કોઈ દિવસે તે તેવા પ્રકારના વાસગૃહમાં યાવત્ સિંહ સ્વપ્ન જોઈને પ્રભાવતી માફક જાગી યાવત્ સ્વપ્નપાઠકને વિદાય આપી. યાવત્ ચેલ્લણા તે વચનોને સ્વીકારી પોતાના ભવનમાં પ્રવેશી. ત્યારપછી ચેલ્લણાને અન્ય કોઈ દિવસે ત્રણ માસ બહુ પ્રતિપૂર્ણ થતા આવા પ્રકારનો દોહદ થયો - તે માતાઓ ધન્ય છે યાવત્ તેમનું જન્મ અને જીવિતનું ફળ છે, જે શ્રેણિક રાજાના ઉદરનું માંસ પકાવી, તળી, શેકીને સૂરા યાવત્ પ્રસન્ના સાથે આસ્વાદન કરતી યાવત્ પરિભાગ કરતી દોહદને પૂર્ણ કરે છે.

સૂત્ર- ૧૧

ત્યારે તે ચેલ્લણાદેવી, તે દોહદ પૂર્ણ ન થતાં શુષ્ક, ભૂખી, નિર્માંસ, અવરુગ્ગણા, ભગ્ન શરીરી, નિસ્તેજ, દીન વિમનવદના, પાંડુમુખી, અવનમિત નયન અને વદન કમળવાળી થઈ, યથોચિત પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકારનો ઉપભોગ ન કરતી, હાથ વડે મસળેલ કમળમાળા જેવી, અપહત મનોસંકલ્પા થઈ યાવત્ ચિંતામગ્ન થઈ.

પછી તે ચેલ્લણા દેવીની અંગ પરિચારિકાઓએ તેણીને શુષ્ક યાવત્ ચિંતામગ્ન જોઈ. જોઈને શ્રેણિક રાજા પાસે આવી, આવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલી કરી, શ્રેણિક રાજાને આ પ્રમાણે કહ્યું -

નિશ્ચે હે સ્વામી ! અમે જાણતા નથી કે ચેલ્લણાદેવી કયા કારણથી શુષ્ક, ભૂખી યાવત્ ચિંતામગ્ન છે.

ત્યારે શ્રેણિકરાજાએ તે અંગ પરિચારિકા પાસે આ અર્થ સાંભળી, સમજી પૂર્વવત્ સંભ્રાંત થઈ ચેલ્લણા દેવી પાસે આવે છે, આવીને તેણીને શુષ્ક યાવત્ ચિંતામગ્ન જોઈને આમ બોલ્યા - હે દેવાનુપ્રિયા ! તું કેમ શુષ્ક યાવત્ ચિંતામગ્ન છો?

ત્યારે ચેલ્લણાદેવી શ્રેણિક રાજાના આ કથનનો આદર કરતી નથી, જાણતી નથી પણ મૌન રહે છે. ત્યારે તે શ્રેણિક રાજા ચેલ્લણાને બીજી–ત્રીજી વખત પણ આમ કહે છે - શું હું તારી વાતને સાંભળવા યોગ્ય નથી કે જેથી તું આ અર્થને ગોપવે છે ?

ત્યારે તે ચેલ્લણાદેવી શ્રેણિક રાજાએ બે–ત્રણ વખત આ પ્રમાણે પૂછતાં શ્રેણિક રાજાને આમ કહ્યું -

હે સ્વામી ! એવી કોઈ વાત નથી, જે સાંભળવા તમે યોગ્ય ન હો, આ અર્થને સાંભળવા તો તમે અયોગ્ય છો જ નહીં. નિશ્ચે હે સ્વામી! મને તે ઉદાર યાવત્ મહાસ્વપ્ન આવ્યા પછી ત્રણ માસ પ્રતિપૂર્ણ થતા આવો દોહદ ઉત્પન્ન થયો કે - તે માતા ધન્ય છે, જે તમારા ઉદરમાસને પકાવીને યાવત્ દોહદ પૂર્ણ કરે છે. તેથી હે સ્વામી ! તે દોહદ પૂર્ણ ન થતાં શુષ્ક, ભૂખી યાવત્ ચિંતામગ્ન છું. ત્યારે શ્રેણિકે ચેલ્લણાને કહ્યું -

હે દેવાનુપ્રિય ! તું અપહત યાવત્ ચિંતામગ્ન ન થા, હું તેવો કંઈ યત્ન કરીશ, જેથી તારા દોહદ પૂર્ણ થશે. એમ કહી ચેલ્લણા દેવીને તેવી ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, ઉદાર, કલ્યાણ–શિવ–ધન્ય–મંગલ, મિત, સશ્રીક વાણી વડે આશ્વાસિત કરે છે. ચેલ્લણા દેવીની પાસેથી નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળામાં જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ સિંહાસનની પૂર્વાભિમુખ બેસે છે. તે દોહદની સંપ્રાપ્તિ નિમિત્તે ઘણા આય અને ઉપાયોને ઔત્પાતિકી–વૈનયિકી–કાર્મિકી–પારિણામિકી બુદ્ધિ વડે વિચારતા તે દોહદના આયને અને ઉપાયને કે સ્થિતિને ન પામતા અપહત મનો સંકલ્પાદિ થયો.

આ તરફ અભયકુમાર સ્નાન કરી યાવત્ અલંકૃત શરીરે પોતાના ઘેરથી નીકળી બાહ્ય ઉપસ્થાનશાળામાં શ્રેણિક રાજા પાસે આવે છે. શ્રેણિકને યાવત્ ચિંતામગ્ન જોઈને આમ કહ્યું -

હે તાત ! અન્ય સમયે તમે મને જોઈને યાવત્ હર્ષિત હૃદયી થતા. હે તાત ! આજે તમે કેમ યાવત્ ચિંતામગ્ન છો? હે તાત! જો હું આ વાતને શ્રવણ કરવા યોગ્ય હોઉં તો મને આ વાત જેમ હોય તેમ અવિતથ, અસંદિગ્ધ કહો. જેથી હું તે અર્થનું અંતગમન કરી શકું. ત્યારે શ્રેણિકે અભયકુમારને કહ્યું –

હે પુત્ર ! એવો કોઈ અર્થ નથી કે જે સાંભળવા તું અયોગ્ય હોય. નિશ્ચે હે પુત્ર ! તારી લઘુમાતા ચેલ્લણા દેવીને તે ઉદાર યાવત્ મહાસ્વપ્નના ત્રણ માસ બહુ પ્રતિપૂર્ણ થતાં યાવત્ મારા ઉદરનું માંસ પકાવીને યાવત્ દોહદ પૂર્ણ થાય. ત્યારથી તે ચેલ્લણાદેવી તે દોહદને અપૂર્ણ થતા શુષ્ક યાવત્ ચિંતામગ્ન થઈ છે. હે પુત્ર ! ત્યારથી હું તે દોહદની સંપ્રાપ્તિ નિમિત્તે ઘણા આય યાવત્ સ્થિતિ ન જાણી શકવાથી યાવત્ ચિંતામગ્ન છું.

ત્યારે તે અભયકુમારે શ્રેણિક રાજાને કહ્યું - હે તાત ! તમે અપહત મનવાળા યાવત્ ચિંતામગ્ન ન થાઓ. હું તેવો પ્રયત્ન કરીશ, જેથી મારી લઘુમાતા ચેલ્લણાદેવીના દોહદની સંપ્રાપ્તિ થશે. એમ કહી શ્રેણિક રાજાને તેવી ઈષ્ટ યાવત્ વાણીથી આશ્વાસિત કર્યા, કરીને પોતાના ઘેર આવ્યો. આવીને અભ્યંતર રહસ્ય સ્થાનીય પુરુષોને બોલાવીને આમ કહ્યું - હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને કસાઈખાનેથી તાજું માંસ, લોહી અને બસ્તિપુટક લાવો.

ત્યારે તે સ્થાનીય પુરુષો, અભયકુમારે આમ કહેતા હર્ષિત થઈ યાવત્ તેની આજ્ઞા વચનનેસ્વીકારી, ત્યાંથી નીકળીને કસાઈઓ પાસે આવ્યા. તાજું માંસ–લોહી–વસ્તિપુટક લીધા, લઈને અભયકુમાર પાસે આવી યાવત્ તે માંસ–લોહી–બસ્તિપુટક ધર્યા.

ત્યારે અભયકુમારે તે માંસ અને લોહીને કાપણી વડે કાપ્યા, સરખા કર્યા. શ્રેણિક રાજા પાસે આવીને શ્રેણિક રાજાને ગુપ્ત સ્થાને શય્યામાં ચત્તા સૂવડાવ્યા. પછી શ્રેણિકના ઉદર ઉપર તે તાજા માંસ અને લોહીને મૂક્યા, બસ્તિપુટકથી વીંટ્યા, રાજાને ગાઢ આક્રંદ કરાવ્યું,

ચેલ્લણા દેવીને ઉપરના પ્રાસાદમાં જોઈ શકે તેમ બેસાડ્યા. ચેલ્લણાદેવીની બરાબર સન્મુખ શ્રેણિક રાજાને ચત્તા સૂવડાવી, શ્રેણિક રાજાના ઉદરના માંસને કાંપણીથી કાપે છે, તે ભાજનમાં મૂકે છે. ત્યારે શ્રેણિક રાજા મૂર્ચ્છાનો દેખાવ કરે છે, મુહૂર્ત પછી એકબીજાની સાથે વાર્તાલાપ કરતા રહે છે.

પછી અભયકુમાર શ્રેણિક રાજાના ઉદરના માંસને ગ્રહણ કરીને ચેલ્લણા દેવી પાસે આવીને, તેની પાસે રાખે છે. પછી ચેલ્લણા દેવી શ્રેણિક રાજાના તે ઉદરના માંસને પકાવીને દોહદ પૂર્ણ કરે છે. પછી તેણીના દોહદ સંપૂર્ણ,

સંમાનિત, વિચ્છિન્ન થતા ગર્ભને સુખે સુખે વહન કરે છે.

તેણીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિએ આવો સંકલ્પ યાવત્ થયો – આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે પિતાના ઉદરનું માંસ ખાધું. મારે એ શ્રેયસ્કર છે કે આ ગર્ભને સાટિત, પાટિત, ગાલિત, વિધ્વંસિત કરવો.

એ પ્રમાણે વિચારી તે ગર્ભને ઘણા ગર્ભશાતન–પાતન–ગાલણ–વિધ્વંસણ વડે સાટિત–પાટિત–ગાલિત–વિધ્વંસિત કરવા ઇચ્છ્યો. પણ તે ગર્ભ સડ્યો–પડ્યો–ગળ્યો કે વિધ્વંસ પામ્યો નહીં.

ત્યારપછી જ્યારે ચેલ્લણા દેવી તે ગર્ભને સડાવવા યાવત્ નાશ કરવા સમર્થ ન થઈ ત્યારે તે શ્રાંત, તાંત, પરિતાંત, નિર્વિણ્ણ થઈ અકામિત–અવસવસ–આર્ત્ત–વશાર્ત્ત દુઃખાર્ત્ત થઈ ગર્ભ વહે છે.

સૂત્ર- ૧૨

ત્યારપછી ચેલ્લણા દેવીએ નવ માસ બહુ પ્રતિપૂર્ણ થતા યાવત્ સુકુમાલ, સુરૂપ બાળકને જન્મ આપ્યો. પછી તે ચેલ્લણાને આવો સંકલ્પ યાવત્ થયો. જ્યારે આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે પિતાના ઉદરનું માંસ ખાધું, ન જાણે આ બાળક મોટો થઈ અમારા કુળનો અંતકર થશે. તે મારે શ્રેયસ્કર છે કે હું આ બાળકને એકાંતે ઉકરડામાં ફેંકાવી દઉં. એમ વિચારી દાસીને બોલાવીને કહ્યું - દેવાનુપ્રિયા ! તું આ બાળકને એકાંતે ઉકરડામાં ફેંકી દે.

ત્યારે તે દાસી ચેલ્લણાએ આમ કહેતા હાથ જોડી યાવત્ તેણીના વચનને વિનયથી સ્વીકારી, તે બાળકને બે હાથમાં લઈ અશોકવાટિકામાં જઈ, તે બાળકને એકાંતે ઉકરડામાં ફેંકે છે. તે બાળકને ત્યાં ફેંકતા ત્યાં અશોક વાટિકામાં ઉદ્યોત થયો. અશોક વાટિકા પ્રકાશમાન થઈ.

પછી શ્રેણિક રાજાને આ વૃત્તાંત પ્રાપ્ત થતાં અશોકવાટિકાએ ગયો, જઈને તે બાળકને એકાંતમાં ઉકરડામાં ફેંકાયેલો જોયો, જોઈને ક્રોધિત થઈ યાવત્ મિસમિસાહટ કરતા તે બાળકને બે હાથ વડે ગ્રહણ કરીને ચેલ્લણાદેવી પાસે આવ્યો. તેણીને ઉચ્ચ–નીચ વચનો વડે આક્રોશ કર્યો, નિર્ભર્ત્સના કરી, ઉદ્ધર્ષણા કરી. કરીને કહ્યું -

તેં મારા પુત્રને એકાંતે ઉકરડામાં કેમ ફેંક્યો ? એમ કહીને ચેલ્લણા દેવીને આકરા સોગંદ આપીને કહ્યું - દેવાનુપ્રિયા ! તું આ બાળકને અનુક્રમે સંરક્ષણ સંગોપન સંવર્દ્ધન કર.

ત્યારે ચેલ્લણા શ્રેણિક રાજાને આમ કહેતો સાંભળી લજ્જિત, વ્રીડિત, વ્રિડા થઈ (ઘણી જ શરમાઈ) બે હાથ જોડી શ્રેણિક રાજાના વચનને વિનયથી સ્વીકાર્યું. તે બાળકને અનુક્રમે સંરક્ષણ–સંગોપન–સંવર્દ્ધન કરવા લાગી.

સૂત્ર- ૧૩

ત્યારે તે બાળકને એકાંતે ઉકરડામાં ફેંકેલો ત્યારે અગ્રાંગુલી કુકડાના પીંછાથી દુભાઈ હતી. વારંવાર પરુ અને લોહી નીકળતા હતા. ત્યારે તે બાળક વેદનાભિભૂત થઈ, મોટા–મોટા શબ્દોથી રડતો હતો. ત્યારે તે શ્રેણિક રાજા તે બાળકને બરાડતો સાંભળી – સમજી તે બાળક પાસે આવ્યો. આવીને તે બાળકને બે હાથ વડે ગ્રહણ કરે છે, અગ્રાંગુલીને પોતાના મુખમાં નાંખી, લોહી અને પરુને મુખ વડે ચૂસે છે. ત્યારે તે બાળક સમાધિ પામી, વેદના રહિત થઈ મૌન રહ્યો.

જ્યારે તે બાળક વેદનાથી બરાડતો હતો, ત્યારે શ્રેણિક રાજા તે બાળકને હાથમાં લેતો યાવત્ તે બાળક વેદના રહિત થતો શાંત થતો હતો.

તે બાળકના માતાપિતાએ ત્રીજે દિવસે ચંદ્ર–સૂર્ય દર્શન કરાવ્યું યાવત્ બારમો દિવસ આવતા આવા પ્રકારનું ગુણ–નિષ્પન્ન નામ કર્યું. આ બાળકની આંગળી કુકડાના પીંછાથી દુભાઈ. તેથી તેનું નામ કોણિક થાઓ. એ રીતે કોણિક નામ કર્યું. પછી અનુક્રમે સ્થિતપતિતાદિ કર્યું યાવત તે મેઘકુમારની માફક ઉપરી પ્રાસાદે વિચરે છે.

સૂત્ર- ૧૪

પછી કોઈ વખતે કોણિકકુમારને મધ્યરાત્રિએ યાવત્ આવો સંકલ્પ થયો. હું શ્રેણિક રાજાની વ્યાઘાતથી સ્વયં

રાજ્યશ્રી કરવા, પાળવા સમર્થ નથી. તો મારે શ્રેણિક રાજાને બેડીમાં નાંખીને, મને પોતાને અતિ મહાન રાજ્યાભિષેકથી અભિસિંચિત કરવો.

એમ વિચારી શ્રેણિક રાજાના અંતર, છિદ્રો, વિરહોને જોતો–જોતો રહેવા લાગ્યો. પછી કોણિક તેમના અંતર યાવત્ મર્મ ન પામતા, કોઈ દિવસે કાલાદિ દશે કુમારોને પોતાના ઘેર બોલાવ્યા. કહ્યું કે - નિશ્ચે આપણે શ્રેણિક રાજાના વ્યાઘાત થી સ્વયં રાજ્યશ્રીને કરતા–પાળતા વિચરવા સમર્થ નથી. તે આપણે તેમને બેડીમાં નાંખીને રાજ્ય, રાષ્ટ્ર, બલ, વાહન, કોશ, કોષ્ઠાગાર, જનપદને ૧૧–ભાગે વહેંચી સ્વયં રાજ્યશ્રીને કરતા, પાળતા યાવત્ વિચરીએ.

ત્યારે કાલાદી દશે કુમારો કોણિકના આ અર્થને વિનયથી સ્વીકારે છે. પછી કોણિક કુમારે કોઈ દિવસે શ્રેણિક રાજાના અંતરને જાણીને શ્રેણિક રાજાને કેદમાં નાંખે છે. પોતાને અતિ મહાન રાજાભિષેક વડે અભિસિંચિત કરાવે છે. પછી તે કોણિક રાજા થયો.

પછી કોઈ દિવસે કોણિક રાજા સ્નાન કરી યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈ ચેલ્લણા દેવીને પાદ વંદનાર્થે શીઘ્ર તેણીની પાસે આવે છે.

સૂત્ર- ૧૫

ત્યારે કોણિક રાજાએ ચેલ્લણા દેવીને અપહત મનવાળા યાવત્ ચિંતામગ્ન જુએ છે, જોઈને તેણીના પગે પડ્યો અને કહ્યું - કેમ માતા ! તમને તુષ્ટિ, ઉત્સવ, હર્ષ કે આનંદ નથી ? કે જેથી હું પોતે જ રાજ્યલક્ષ્મીને ભોગવતો યાવત્ વિચરું છું.

ત્યારે ચેલ્લણા દેવીએ કોણિક રાજાને કહ્યું - હે પુત્ર ! મને ક્યાંથી તુષ્ટિ આદિ થાય ? જે તે તારા પિતા, દેવ સમાન, ગુરુજન સમાન, તારા પર અતિ સ્નેહાનુરાગ વડે રક્ત એવા શ્રેણિક રાજાને બેડીમાં બાંધી પોતાનો રાજ્યાભિષેક કરાવેલ છે ?

ત્યારે કોણિક રાજાએ ચેલ્લણા દેવીને આમ કહ્યું - શ્રેણિક રાજા મારો ઘાત કરવા ઇચ્છતા હતા. મને મારવા–બાંધવા–નિછુભણા કરવા ઇચ્છતા હતા. તો તેમને મારા ઉપર અતિ સ્નેહાનુરાગ કેમ હોય ?

ત્યારે ચેલ્લણાદેવીએ કોણિકને કહ્યું - પુત્ર ! તું મારા ગર્ભમાં આવ્યો, ત્રણ માસ પૂરા થતા દોહદ ઉત્પન્ન થયો ઇત્યાદિ પૂર્વવત્ જાણવું. હે પુત્ર ! તારા ઉપર આવો સ્નેહાનુરાગ હતો.

ત્યારે કોણિક રાજા, ચેલ્લણા દેવી પાસે આ અર્થને સાંભળી, સમજીને ચેલ્લણાદેવીને કહ્યું - મેં ખોટું કર્યું, પિતા–દેવ–ગુરુજન સમ, અતિ સ્નેહાનુરાગ રક્ત શ્રેણિક રાજાને બેડીમાં નાંખ્યા. તો હું જઉં અને શ્રેણિક રાજાની જાતે જ બેડી છેદું. એમ કહી હાથમાં કુહાડો લઈ કેદખાનામાં જવા નીકળ્યો.

ત્યારે તે શ્રેણિક રાજાએ કોણિકને હાથમાં પરસુ લઈને આવતો જોયો. જોઈને કહ્યું - આ કોણિકકુમાર અપ્રાર્થિત પ્રાર્થિત યાવત્ શ્રી–હ્રી પરિવર્જિત છે, હાથમાં પરસુ લઈ જલદી આવે છે. જાણતો નથી કે તે મને કયા કુમાર વડે મારશે, એમ કહી ડરી યાવત્ સંજાત ભયથી તાલપુટ વિષ મુખમાં નાંખે છે.

ત્યારે મુહૂર્તાન્તરમાં વિષ પરિણામ પામતા શ્રેણિક રાજા નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, જીવરહિત થઈ પૃથ્વી ઉપર પડી ગયા.

ત્યારે કોણિક કુમારે કેદખાનામાં જઈને શ્રેણિક રાજાને યાવત્ જીવરહિત જોયા. જોઈને પિતાસંબંધી શોકથી વ્યાપ્ત થયો. કુહાડાથી કાપેલ ચંપકવૃક્ષવત્ પૃથ્વીતલે સર્વાંગથી ધસી પડ્યો. પછી કોણિક મુહૂર્તાંતર બાદ સાવધાન થઈ રોતો – આક્રંદ કરતો – શોક કરતો – વિલાપ કરતો બોલ્યો - અહો– મેં અધન્ય, અપુન્ય, અકૃતપુન્યે દુષ્ટ કર્યું કે મારા પિતા યાવત્ સ્નેહાનુરાગ રક્તને બેડીનું બંધન કર્યું, મારા નિમિત્તે જ શ્રેણિક રાજા મૃત્યુ પામ્યા.

એમ કહી ઈશ્વર, તલવર યાવત્ સંધિપાલ સાથે પરીવરી રુદન આદિ કરતા મહાન ઋદ્ધિ અને સત્કાર સમુદય

વડે શ્રેણિક રાજાનું નીહરણ કર્યું તથા લૌકીક મૃત કાર્ય કર્યા.

ત્યારપછી કોણિક આ મહા મનોમાનસિક દુઃખથી અભિભૂત થઈ, અન્ય કોઈ દિવસે અંતઃપુર પરિવાર સહિત, ભાંડોપગરણ લઈ રાજગૃહીથી નીકળી, ચંપાનગરી આવ્યો. ત્યાં પણ વિપુલ ભોગ સમૂહને પામ્યો અને કેટલાક કાળે શોક રહિત થયો.

**સૂત્ર-૧૬, ૧૭**

૧૬) ત્યારપછી તે કોણિક રાજા અન્ય કોઈ દિને કાલાદિ દશ કુમારને બોલાવીને રાજ્ય યાવત્ જનપદને ૧૧–ભાગમાં વહેંચે છે. પછી સ્વયં રાજ્યશ્રીને કરતા, પાળતા વિચરે છે.

૧૭) ત્યાં ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલ્લણા દેવીનો આત્મજ કોણિક રાજાના સહોદર નાનો ભાઈ વેહલ્લ નામે સુકુમાર યાવત્ સુરૂપકુમાર હતો.

તે વેહલ્લકુમારને શ્રેણિક રાજાએ જીવતા જ સેચનક હાથી અને અઢારસરો હાર પૂર્વે આપેલ. ત્યારે તે વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તિ સાથે અંતઃપુર પરિવારથી પરીવરીને ચંપાનગરીની મધ્યેથી નીકળે છે, નીકળીને વારંવાર ગંગા મહાનદીમાં સ્નાન ક્રીડાર્થે ઊતરે છે. ત્યારે સેચનક ગંધહસ્તિ રાણીઓને સૂંઢથી ગ્રહણ કરે છે, પછી કેટલીકને પાછળ બેસાડે છે, કેટલીકને સ્કંધે બેસાડે છે. એ રીતે કુંભ ઉપર, મસ્તકે, દંતમુશલે બેસાડે છે. સૂંઢ વડે ગ્રહણ કરી ઊંચે આકાશમાં ઉછાળે છે, સૂંઢમાં લઈ હીંચકા ખવડાવે છે, દાંતના અંતરમાંથી કાઢે છે, સૂંઢમાં પાણી ભરીને સ્નાન કરાવે છે અને ક્રીડા કરાવે છે.

ત્યારે ચંપા નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ, માર્ગોમાં ઘણા લોકો પરસ્પર એમ કહે છે યાવત્ પ્રરૂપે છે - એ પ્રમાણે નિશ્ચે દેવાનુપ્રિયો ! વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તિ વડે અંતઃપુરને પૂર્વવત્ પાઠ કહેવો. આ વેહલ્લ કુમાર રાજ્યશ્રીનું ફળ અનુભવતો વિચરે છે, કોણિક નહીં.

ત્યારે પદ્માવતીને આ વૃત્તાંત જાણીને આવો સંકલ્પ થયો. આ રીતે વેહલ્લકુમાર સેચનક ગંધહસ્તિથી યાવત્ ક્રીડા કરે છે ઇત્યાદિ, તો અમારે આ રાજ્ય યાવત્ જનપદથી શું પ્રયોજન, જો અમારે સેચનક ગંધહસ્તિ નથી. તો મારે કોણિક રાજાને આ વાત કરવી શ્રેયસ્કર છે, એમ વિચારી કોણિક રાજા પાસે આવી બે હાથ જોડી યાવત્ કહ્યું -

સ્વામી ! વેહલ્લકુમાર જ ખરી રાજ્યલક્ષ્મી ભોગવી રહ્યા છે યાવત્ સેચનક ગંધહસ્તિ નથી તો એ જીવીતનો અર્થ શો છે ? કોણિક રાજાએ પદ્માવતીની આ વાતનો આદર ન કર્યો, સન્મુખ ન જોયું, પણ મૌન રહ્યો.

ત્યારે પદ્માવતીએ વારંવાર કોણિક રાજાને આ વાત વિનવ્યા કરી.

ત્યારે કોણિક રાજા, પદ્માવતી દેવીએ વારંવાર આ વાત વિનવતા અન્ય કોઈ દિને વેહલ્લકુમારને બોલાવીને સેચનક હાથી અને અઢારસરો હાર માંગ્યો. ત્યારે વેહલ્લે કોણિકને કહ્યું - હે સ્વામી ! શ્રેણિક રાજાએ જીવતાં જ તે બંને મને આપેલ છે, તો હે સ્વામી ! જો મને અડધુ રાજ્ય અને જનપદ આપો તો હું તમને તે બંને આપું.

ત્યારે કોણિકે તેની આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં, પણ વારંવાર હાથી અને હાર માંગ્યા કર્યા.

ત્યારે તે વેહલ્લકુમાર કોણિક રાજાએ વારંવાર હાથી અને હાર ઝૂંટવવા – લઈ લેવા – ખેંચી લેવા ઇચ્છે છે જાણી તેણે વિચાર્યું કે કોણિક રાજા મારા હાથી અને હારને યાવત્ ખેંચી ન લે, તેટલામાં મારે તે બંને ગ્રહણ કરી અંતઃપુર પરિવાર સહિત, ભાંડોપગરણ આદિ લઈને ચંપાનગરીથી નીકળી વૈશાલી નગરીમાં આર્યક ચેટક પાસે જઈને રહેવું યોગ્ય છે. એમ વિચારી તે કોણિક રાજાના અંતરાદિ યાવત્ જાણતો વિચરે છે.

ત્યારપછી વેહલ્લકુમાર અન્ય કોઈ દિને કોણિક રાજાના અંતરને જાણીને ગંધહસ્તિ તથા અઢારસરા હારને લઈને, અંતઃપુરના પરિવારથી પરિવરી, ભાંડ–માત્ર–ઉપકરણ સહિત ચંપાનગરીથી નીકળી, વૈશાલીનગરી આવ્યો. આવીને વૈશાલીમાં આર્યક ચેટક રાજા પાસે જઈને રહ્યો.

કોણિક રાજાએ આ વૃત્તાંત જાણીને વેહલ્લકુમાર મને કીધા વિના હાર અને હાથી લઈને યાવત્ આર્ય ચેટક રાજા પાસે જઈને રહેલ છે, તો મારે તે બંને માટે દૂત મોકલવો. એમ વિચારી દૂતને બોલાવીને કહ્યું - તું જા, વૈશાલી નગરી જઈ મારા માતામહ ચેટક રાજાને હાથ જોડી વધાવીને કહે કે -

હે સ્વામી! કોણિક રાજા વિનવે છે કે વેહલ્લકુમાર કોણિક રાજાને કહ્યા વિના યાવત્ આવેલ છે, તો હે સ્વામી! અનુગ્રહ કરીને કોણિક રાજાને હાર અને હાથી પાછા સોંપો, વેહલ્લકુમારને મોકલો.

ત્યારે દૂતે કોણિક રાજાના વચનને સ્વીકારી પોતાના ઘેર જઈ ચિત્રની માફક યાવત્ વધાવીને કહ્યું - નિશ્ચે હે સ્વામી ! કોણિક રાજા વિજ્ઞપ્તિ કરે છે કે યાવત્ વેહલ્લકુમારને મોકલો. ત્યારે ચેટકરાજાએ દૂતને કહ્યું - દેવાનુપ્રિય ! કોણિક રાજા શ્રેણિક રાજાનો પુત્ર, ચેલ્લણાદેવીનો આત્મજ, મારો દોહિત્ર છે, તેમજ વેહલ્લ પણ મારો દોહિત્ર છે. શ્રેણિક રાજાએ જીવતાં જ વેહલ્લને સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર પૂર્વે આપેલ છે. તો જો કોણિક રાજા વેહલ્લને રાજ્ય અને જનપદનો અર્ધભાગ આપે તો હાર અને હાથી બંને પાછા આપું અને વેહલ્લકુમારને પાછો મોકલું.

તે દૂતને સત્કારી, સન્માની વિદાય કર્યો. ત્યારે તે દૂત ચેટકરાજાથી વિદાય પામી, ચાતુર્ઘંટ અશ્વરથ માં બેસી વૈશાલીની મધ્યેથી નીકળી માર્ગમાં શુભ વસતિ અને પ્રાતરાશ વડે યાવત્ વધાવીને કોણિકને કહ્યું - સ્વામી ! ચેટક રાજા આજ્ઞા કરે છે કે – યાવત્ પૂર્વવત્ – તો હે સ્વામી! ચેટકરાજા હાર અને હાથી આપતા નથી કે વેહલ્લને પણ મોકલતા નથી.

ત્યારે કોણિક રાજાએ બીજી વખત દૂતને બોલાવીને કહ્યું - તું વૈશાલી જા – મારા માતામહ ચેટક રાજાને કહે કે - સ્વામી! કોણિક રાજા કહે છે કે - જે કોઈ રત્નો ઉપજે તે બધા રાજકુલગામી હોય, શ્રેણિક રાજાને રાજ્યશ્રી કરતા અને પાળતા બે રત્નો ઉપજ્યા, સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર. તો રાજકુલની પરંપરાથી આવતી સ્થિતિ લોપ્યા વિના તે બંને અને વેહલ્લને પાછો સોંપો.

ત્યારે તે દૂત કોણિક રાજાને પૂર્વવત્ વધાવી બોલ્યો, હે સ્વામી ! કોણિક રાજા કહે છે, ઇત્યાદિ. ત્યારે ચેટક રાજાએ તે દૂતને કહ્યું - પૂર્વવત્ યાવત્ દૂતને સત્કારીને વિદાય કર્યો. ત્યારે દૂતે યાવત્ કોણિક રાજાને પૂર્વવત્ બધું જ નિવેદન કર્યું.

ત્યારે કોણિક રાજા તે દૂત પાસે આ સાંભળી, સમજી, ક્રોધિત થઈ યાવત્ ધમધમતો ત્રીજા દૂતને બોલાવીને કહ્યું - તું જા, વૈશાલી નગરીમાં ચેટક રાજાને ત્યાં ડાબા પગે પાદપીઠને પ્રહાર કરી, ભાલાની અણીથી આ લેખ આપીને ક્રોધિત થઈ યાવત્ મસ્તકે ત્રિવલી ચડાવી ચેટક રાજાને કહેજે -

ઓ ચેટક રાજા ! અપ્રાર્થિતના પ્રાર્થિત, દુરંત પ્રાંત લક્ષણ યાવત્ હ્રી શ્રી પરિવર્જિત ! આ કોણિક રાજા આજ્ઞા કરે છે - કોણિક રાજાને હાર, હાથી, વેહલ્લકુમાર પાછા સોંપો અથવા યુદ્ધ માટે સજ્જ થઈને રહો. કોણિક રાજા બલ–વાહન અને સ્કંધાવાર સહિત યુદ્ધસજ્જ થઈ જલદી આવે છે.

ત્યારે તે દૂત બે હાથ જોડીને યાવત્ ચેટક રાજાને વધાવીને કહ્યું, હે સ્વામી ! આ મારી વિનય પ્રતિપત્તિ છે. હવે કોણિક રાજાની આજ્ઞા પ્રમાણે યાવત્ પૂર્વવત્ બધું કર્યું – કહ્યું.

ત્યારે તે ચેટક રાજાએ તે દૂતની પાસે આ અર્થને સાંભળીને, સમજીને ક્રોધિત થઈ યાવત્ કહ્યું - હું કોણિક રાજાને હાર, હાથી, વેહલ્લકુમારને નહીં મોકલું, યુદ્ધસજ્જ થઈને હું રહીશ. દૂતને સત્કાર્યા, સન્માન્યા વિના પાછલા દ્વારેથી કાઢ્યો.

સૂત્ર- ૧૮

ત્યારે તે કોણિક રાજાએ તે દૂત પાસે આ અર્થને સાંભળી, સમજી, ક્રોધિત થઈ કાલાદિ દશ કુમારોને બોલાવીને કહ્યું - દેવાનુપ્રિય ! નિશ્ચે વેહલ્લકુમાર મને કહ્યા વિના સેચનક હાથી અને અઢારસરો હાર લઈ પૂર્વવત્

ચાલ્યો ગયો છે. મેં દૂતો મોકલ્યા ઇત્યાદિ પૂર્વવત્ બધું કથન કર્યું. હે દેવાનુપ્રિયો ! આપણે ચેટક રાજાની સાથે યુદ્ધ કરવું એ જ શ્રેયસ્કર છે. ત્યારે કાલાદિ દશે કુમારો કોણિક રાજાના આ અર્થને વિનયથી સ્વીકારે છે.

પછી કોણિકે કાલાદિ દશે કુમારોને કહ્યું - દેવાનુપ્રિયો ! તમે પોત–પોતાના રાજ્યોમાં જઈ, સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી દરેકે દરેક હાથીના સ્કંધે બેસી, ૩૦૦૦ રથ, ૩૦૦૦ ઘોડા, ૩ કરોડ પાયદળ સાથે પરીવરીને સર્વ ઋદ્ધિ યાવત્ નાદ વડે પોત–પોતાના નગરથી નીકળી મારી પાસે આવો.

ત્યારે કાલાદિ દશેએ કોણિકના આ અર્થને સાંભળી, સ્વીકારી યાવત્ તે પ્રમાણે નીકળીને અંગ જનપદમાં ચંપાનગરીમાં કોણિક રાજા પાસે આવ્યા.

ત્યારે કોણિક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું - જલદીથી આભિષેક્ય હસ્તિરત્ન સજાવો. અશ્વ–હાથી–રથ–ચાતુરંગિણી સેના સજ્જ કરો. યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી કોણિકરાજા સ્નાનગૃહે આવ્યો. યાવત્ નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળામાં યાવત્ નરપતિ આરૂઢ થયો. પછી કોણિક રાજા ૩૦૦૦ હાથી યાવત્ નાદ સહિત ચંપાનગરીની મધ્યેથી નીકળીને કાલાદિ દશ કુમારો પાસે આવ્યો. તેમની સાથે ભળી ગયો. પછી કોણિક રાજા ૩૩,૦૦૦ હાથી યાવત્ ૩૩ કરોડ પાયદળ સાથે પરીવરીને સર્વઋદ્ધિથી યાવત્ નાદથી શુભ વસતિ અને પ્રાતરાશ વડે અતિ દૂર નહીં તે રીતે અંતરાવાસથી વસતો વસતો અંગ જનપદની મધ્યેથી વિદેહ જનપદમાં વૈશાલીનગરી જવા નીકળ્યો.

ત્યારે ચેટકરાજા આ વાત જાણીને નવ મલ્લકી, નવ લેચ્છકી, કાશી કોશલના અઢાર ગણરાજાને બોલાવીને કહ્યું - વેહલ્લકુમાર, કોણિક રાજાને કહ્યા વિના અહીં આવેલ છે ઇત્યાદિ બધું પૂર્વોક્ત જાણવું. તો શું કોણિક રાજાને સેચનક હાથી અને અઢારસરો હાર આપી દેવો ? કે યુદ્ધ કરવું.

ત્યારે તે બધાએ ચેટક રાજાને કહ્યું - હે સ્વામી ! આ વાત યુક્ત નથી, પ્રતીત નથી, રાજાને યોગ્ય નથી. જો કોણિક રાજા યુદ્ધ કરવા આવે છે, તો આપણે પણ યુદ્ધ જ કરવું જોઈએ.

ત્યારે તે ચેટક રાજા નવ મલ્લકી, નવ લેચ્છવી, કાશીકોશલના અઢાર ગણરાજાને એમ કહ્યું - જો તમે કોણિક રાજા સાથે યુદ્ધ કરવા ઇચ્છો છો, તો પોત–પોતાના રાજ્યમાં જઈ, સ્નાન કરી, યાવત્ કાલ આદિ માફક સજ્જ થઈને આવો યાવત્ જ્યારે તે અઢાર ગણ રાજા યુદ્ધ સજ્જ થઈને આવે છે, આવીને ચેતક રાજાને જય–વિજય વડે વધાવે છે.

પછી ચેટક રાજા કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું - આભિષેક્ય હસ્તિ તૈયાર કરો, ત્યારપછી કોણિકની જેમ યાવત્ ચેટક રાજા આભિષેક્ય હસ્તી પર આરૂઢ થયો.

ત્યાર પછી ચેટક રાજા ૩૦૦૦ હાથી આદિ સાથે કોણિક માફક યાવત્ વૈશાલી મધ્યેથી નીકળ્યો. નવ મલ્લકી આદિ રાજાઓ હતા, ત્યાં આવ્યો. પછી ચેટક રાજા સત્તાવન–સત્તાવન હજાર હાથી–ઘોડા–રથ અને ૫૭ કરોડ પાયદળ સાથે પરીવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ રવથી શુભ વસતી અને પ્રાતરાશ વડે યાવત્ છાવણી નાંખતો કોણિક સાથે યુદ્ધ કરવા માટે સજ્જ રહ્યો.

ત્યારે તે કોણિક રાજા સર્વ ઋદ્ધિ યાવત્ રવથી દેશના પ્રાંતે આવીને ચેડગરાજાથી યોજનના અંતરે છાવણી નાંખી. પછી બંને રાજાએ રણભૂમિને સજ્જ કરાવી, રણભૂમિમાં ગયા.

ત્યારપછી કોણિક રાજાએ ૩૩,૦૦૦ હાથી આદિથી ગરુડ વ્યૂહ રચ્યું અને રથમૂસલ સંગ્રામમાં આવ્યો. પછી ચેટક રાજા ૫૭,૦૦૦ હાથી આદિથી શકટવ્યૂહ રચ્યો. રચીને રથમૂસલ સંગ્રામે આવ્યો.

પછી બંને રાજાના સૈનિકો સન્નદ્ધ યાવત્ ગૃહીત આયુધ પ્રહરણ થઈ, ફળાને હાથમાં લીધા, ખડ્ગ મ્યાન બહાર કર્યા, ભાથાને ખભે લટકાવ્યા, ધનુષ પ્રત્યંચાયુક્ત કર્યા, બાણો ભાથામાંથી ખેંચ્યા, બરછી આદિ ઉછાળ્યા, સાથળે બાંધેલ ઘુઘરા હટાવ્યા. શીઘ્ર વાજિંત્રો વગાડ્યા, મોટા ઉત્કૃષ્ટ સિંહનાદાદિ અને કલકલ શબ્દો કરવા લાગ્યા.

તેથી સમુદ્રવત્ ગર્જના કરતા હોય તેમ સર્વ સમૃદ્ધિ સહ યાવત્ વાજિંત્રના શબ્દ સહિત અશ્વારો અશ્વારો સાથે આદિ લડવા લાગ્યા.

પછી બંને રાજાના સૈનિકો સ્વામીની આજ્ઞામાં રક્ત હોવાથી મોટા જનક્ષયને કરતા, જનવધ–જનમર્દન કરતા, સંવર્તક વાયુવત્ લોકોને ઉપરાઉપર એકત્ર કરતા, નૃત્ય કરતા ધડ વડે અને હાથમાંથી પડી ગયેલ વાર વડે રણભૂમિને ભયંકર કરતા, લોહીનો કાદવ કરતા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે તે કાલકુમાર ગરુડ વ્યૂહ વડે પોતાના ૧૧–મા ભાગના સૈન્ય વડે કોણિક સાથે રથમૂસલ સંગ્રામમાં યુદ્ધ કરતો હત–મથિતાદિ થયો યાવત્ મૃત્યુ પામ્યો.

ગૌતમ ! એ રીતે કાલકુમાર આવા આરંભ યાવત્ અશુભ કૃત કર્મના ભારથી કાળ કરી ચોથી પંકપ્રભા નરકે નારકરૂપે ઉત્પન્ન થયો.

સૂત્ર- ૧૯

ભગવન્ ! કાળકુમાર ચોથી નરકથી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ?

ગૌતમ ! મહાવિદેહમાં ઊંચા ધનાઢ્ય કુળોમાં ઉત્પન્ન થઈ દૃઢપ્રતિજ્ઞવત્ કહેવું. યાવત્ દીક્ષા લઈને સિદ્ધ, બુદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

**અધ્યયન–૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## અધ્યયન-૨ થી ૧૦

**સૂત્ર- ૨૦, ૨૧**

૨૦) ભગવન્ ! જો શ્રમણ યાવત્ મોક્ષ સંપ્રાપ્ત ભગવંત મહાવીરે નિરયાવલિકાના પહેલાં અધ્યયનનો આ અર્થ કહેલ છે, તો નિરયાવલિકાના બીજા અધ્યયનનો શ્રમણ ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે ?

જંબૂ ! તે કાળે, તે સમયે ચંપા નામે નગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, કોણિક રાજા, પદ્માવતી દેવી હતા.

તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની લઘુમાતા સુકાલી રાણી હતી.

તે સુકાલીદેવીને સુકાલ નામે પુત્ર હતો.

ત્યારે તે સુકાલ કુમાર અન્ય કોઈ દિને ૩૦૦૦ હાથી આદિ સહિત કાલકુમારની માફક બધું પૂર્વવત્ કહેવું યાવત્ મહાવિદેહ ક્ષેત્રે મોક્ષે જશે.

૨૧) એ પ્રમાણે બાકીના આઠ અધ્યયનો પહેલાની માફક જાણવા. માત્ર માતાના નામ પુત્ર સદશ કહેવા.

**અધ્યયન- ૨ થી ૧૦ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી**

## નિરયાવલિકા સૂત્રનો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–1** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–2** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVDમાં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૯

# નિરયાવલિકા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397